# ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક(વાઇસ-ચાન્સેલર)ની ભૂમિકા અને જવાબદારીઓ

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક (વાઇસ-ચાન્સેલર) ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરીકે ઓળખાતા ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટના હોદ્દાની રૂએ અધ્યક્ષ છે. માનિત વિશ્વવિદ્યાલય તરીકે ગૂજરાત વિદ્યાપીઠ વિશ્વવિદ્યાલયના અધ્યક્ષ હોવાથી વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ(યુ.જી.સી.)ની માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર કુલનાયક કચેરીના બધાં જ કાર્યો બજાવે છે, ઉપરાંત મંડળ દ્વારા કુલનાયકની કચેરીને સોંપાયેલી બધી જ કામગીરી પણ તેમણે બજાવવાની હોય છે.

ગૂજરાત વિદ્યાપીઠ મંડળ વિશ્વવિદ્યાલય ઉપરાંત અન્ય ઘણી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે. તેના બંધારણ અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ અભ્યાસ અને ગ્રામવિસ્તરણ સંસ્થા હોવાથી બાળમંદિરથી પીએચ.ડી. સુધીનાં અભ્યાસકાર્યો ચાલી રહ્યાં છે. અમદાવાદ પરિસર ઉપરાંત વિદ્યાપીઠ ૫ (પાંચ) શાળાઓ અન્ય ગ્રામીણ વિસ્તારમાં ચલાવી રહી છે. આ શાળાઓ ગ્રામસેવા કેન્દ્રની સંસ્થાકીય વ્યવસ્થા હેઠળ કામ કરે છે. કુલનાયક મંડળ દ્વારા આ કેન્દ્રોના વ્યવસ્થાપન માટે રચાયેલી બધી જ સમિતિઓના કાયદાકીય અધ્યક્ષ છે. શાળા ઉપરાંત આ સેવા કેન્દ્રો ગ્રામીણ પુન:રચના માટે વિસ્તરણ પ્રવૃત્તિઓ પણ કરે છે.

ગૂજરાત વિદ્યાપીઠ ભારતીય કૃષિ સંશોધન મંડળ (ICAR, ભારત સરકાર) દ્વારા સમર્થિત ત્રણ કૃષિવિજ્ઞાન કેન્દ્રોનું પણ સંચાલન કરે છે. કુલનાયક (વાઇસ-ચાન્સેલર) આ કૃષિવિજ્ઞાન કેન્દ્રો વ્યવસ્થાપનતંત્રના અધ્યક્ષ છે. ગૂજરાત વિદ્યાપીઠ મંડળ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) પણ ચલાવે છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા મર્યાદિત સમર્થિત રાજ્ય પ્રૌઢશિક્ષણ સંસાધન કેન્દ્ર ઉપરાંત જનશિક્ષણ સંસ્થાનનું સંચાલન પણ વિદ્યાપીઠ કરે છે. આ બન્ને સંસ્થાના સંચાલકીય મંડળના કુલનાયક અધ્યક્ષ છે. કુલનાયક (વાઇસ-ચાન્સેલર) સ્વાયત્ત સંસ્થા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સમિતિના પણ અધ્યક્ષ છે. ઉપરાંત વિશિષ્ટ ઉદ્દેશ્યો સાથે રચાયેલા ટ્રસ્ટના વિવિધ પ્રબંધ સંચાલન માટે પણ હોદ્દાની રૂએ જવાબદાર છે.